# ફૂડ સ્ટૅમ્પ્સ

જ્યૉર્જિયા ફૂડ સ્ટૅમ્પ પ્રોગ્રામ, જે સંઘીય રીતે સપ્લિમેન્ટલ ન્યુટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ (**SNAP**) તરીકે ઓળખાય છે તે એક સંઘીય અનુદાન મેળવતો કાર્યક્રમ છે જે ઓછી આવક ધરાવતાં ઘરોને ખોરાકના ખર્ચની ચૂકવણી કરવામાં મદદ કરવા માટે માસિક લાભો પૂરા પાડે છે. ઘરનો અર્થ થાય છે : એકલી રહેતી એક વ્યક્તિ, કુટુંબ અથવા સાથે રહેતાં લોકો જે સંબંધથી જોડાયેલ  ન હોય પરંતુ નિયમિતપણે ભોજન સાથે ખરીદતાં અને બનાવતાં હોય છે.
કોઇપણ વ્યક્તિ ફૂડ સ્ટૅમ્પના લાભો માટે અરજી કરી શકે છે. આ કાર્યક્રમ મર્યાદિત આવક અને સાધનો ધરાવતાં ઘરોને મદદ કરે છે.

**SNAP લાભો માટે કેવી રીતે અરજી કરશો:**

**પગલું એક: તૈયારી કરો**
યોગ્યતાની જરૂરિયાતો વિશે વધુ જાણવા માટે આ દસ્તાવેજની સમીક્ષા કરો: SNAP Benefits in Georgia (જ્યૉર્જિયામાં SNAP લાભો).

**પગલું બે: લાભો માટેની અરજી પૂરી કરો અને સુપ્રત કરો**
કેવી રીતે અરજી કરશો:

1. અરજી ડાઉનલોડ કરો જે અહીં ઉપલબ્ધ છે:

   ઈંગ્લીશ

**અથવા**

તમે અમારા સ્થાનિક DFCS કાર્યાલયની મુલાકાત લઈને કાગળ પરના અરજીપત્રકની વિનંતી કરી શકો છો અથવા 877-423-4746 પર ગ્રાહક સંપર્ક કેન્દ્રને ફોન કરીને તમને વિનંતી કરી શકો છો કે તમને અરજી ટપાલ દ્વારા મોકલવામાં આવે..

જ્યારે અરજીમાં ઘરના મુખ્ય સભ્યનું નામ, સરનામું, ઘરના મુખ્યઅથવા ઘરના અન્ય સભ્ય દ્વારા તારીખ અને સહી દાખલ કરી  અને તે ડિપાર્ટમૅન્ટને મળે ત્યારે અરજી દાખલ કરી એમ માનવામાં આવે છે.

2. તમારા સ્થાનિક ડિપાર્ટમેન્ટ ઑફ ફેમિલિ એન્ડ ચિલ્ડ્રન સર્વિસિઝ (DFCS) ઑફિસને ટપાલ દ્વારા અથવા રૂબરૂમાં અરજી સુપ્રત કરો.  તમે તમારી સ્થાનિક કાઉન્ટી ઑફિસ માટે સંપર્ક માહિતીની યાદી અહીં મેળવી શકો છો.

પગલું ત્રણ: ઈન્ટરવ્યુ

**તમારી અરજી દાખલ થયા બાદ**, DFCS ના સ્ટાફની વ્યક્તિ દ્વારા તમારો અથવા તમારા ઘરના સભ્યનો ઈન્ટરવ્યુ થવો જોઈએ. જે વ્યક્તિનો ઈન્ટરવ્યુ લેવામાં આવે તે વ્યક્તિ તમારા ઘરની સ્થિતિથી વાકેફ હોવી જોઈએ. ફોન ઈન્ટરવ્યુની  જરૂર છે.

---

વિશેષ નોટિસ:

બિન-ભેદભાવનું નિવેદન:

સંઘીય નાગરિક અધિકાર કાનૂન અને યુ.એસ. કૃષિ વિભાગ (U.S. Department of Agriculture -USDA)ના નાગરિક અધિકારના નિયમો અને નીતિઓ મુજબ, USDA, તેની એજંસીઓ, કાર્યાલયો અને કર્મચારીઓ, અને USDA કાર્યક્રમોમાં ભાગ લેતી કે તે આપતી સંસ્થાઓ પર USDA દ્વારા કરવામાં આવતી કે તેના તરફથી ભંડોળ મળતું હોય તેવા કોઇપણ કાર્યક્રમ અથવા પ્રવૃત્તિમાં અગાઉના નાગરિક અધિકારોની પ્રવૃત્તિ માટે જાતિ, રંગ, રાષ્ટ્રીય મૂળ, લિંગ, ધાર્મિક પંથ, અપંગતા, ઉંમર, રાજકીય માન્યતાઓના આધારે ભેદભાવ કરવા કે બદલો અથવા પ્રતિશોધ લેવા સામે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

અપંગતા ધરાવતી વ્યક્તિઓ જેઓને કાર્યક્રમની માહિતી માટે સંવાદના અન્ય વિકલ્પોની જરૂર પડી શકે છે (દા.ત. બ્રેઈલ, મોટા અક્ષર, ઑડિયોટેપ, અમેરિકન સાઈન લેન્ગ્વેજ, વગેરે.) તેમણે જ્યાં લાભો માટે અરજી કરી હોય તેવી એજંસીનો (રાજ્ય અથવા સ્થાનિક) સંપર્ક કરવો જોઈએ.  જેઓ બધિર હોય, સાંભળવામાં મુશ્કેલી પડતી હોય અથવા બોલવાની  તકલીફ હોય તેવી વ્યક્તિઓ (800) 877-8339 પર ફેડરલ રિલે સર્વિસ દ્વારા USDA  નો સંપર્ક કરી શકે છે.  વધુમાં, કાર્યક્રમની માહિતી અંગ્રેજી સિવાયની ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી શકે છે.

કાર્યક્રમમાં ભેદભાવની ફરિયાદ દાખલ કરવા માટે USDA Program Discrimination Complaint Form, (AD-3027) પૂરું કરો જે અહીં થી ઑનલાઈન મળશે: http://www.ascr.usda.gov/complaint_filing_cust.html અને

કોઇપણ USDA ઑફિસ ખાતે મળશે, અથવા USDA ને ઉદ્દેશીને એક પત્ર લખો અને પત્રમાં એ બધી જ માહિતી પૂરી પાડો જે અંગે પત્રકમાં વિનંતી કરવામાં આવી હોય. ફરિયાદ પત્રકની નકલની વિનંતી કરવા માટે (866) 632-9992 પર ફોન કરો. તમારું પૂરું કરેલું પત્રક અથવા પત્ર USDA ને આ રીતે સુપ્રત કરો:

(1) ટપાલથી: U.S. Department of Agriculture
Office of the Assistant Secretary for Civil Rights
1400 Independence Avenue, SW
Washington, D.C. 20250-9410;

(2) ફેક્સ: (202) 690-7442; અથવા

(3) ઈમેઈલથી: program.intake@usda.gov.

આ સંસ્થા સમાન તક પૂરી પાડનાર છે.

તમે DFCS Civil Rights Program, Two Peachtree Street, N.W., Suite 19-248, Atlanta, Georgia 30303 નો સંપર્ક કરીને અથવા (404) 657-3735 પર ફોન કરીને અથવા ફેક્સ (404) 463-3978 દ્વારા પણ ભેદભાવની ફરિયાદ દાખલ કરી શકો છો. અંગ્રેજીમાં મર્યાદિત નિપુણતા અને ઈન્દ્રિયગત નબળાઈ ધરાવતા લોકો માટેની સેવાઓ માટે નીચેના સરનામે DHS લિમિટેડ ઈંગ્લિશ પ્રોફિશિઅન્સી ઍન્ડ સૅન્સરી ઈમ્પેઈર્ડ પ્રોગ્રામનો (DHS Limited English Proficiency and Sensory Impaired Program) સંપર્ક કરો: Two Peachtree Street, N.W., Suite 29-103 N.W., Atlanta, GA 30303 or call (404)-657-5244 or fax (404)-651-6815.

**અનપેક્ષિત કૉલ્સ વિશે FNS માંથી નોટિસ:**

SNAP ટૉલ ફ્રી માહિતી હૉટલાઈન નંબર: 1-800-221-5689 પરથી સામાન્ય જનતાને અનપેક્ષિત ફોન આવી રહ્યા હોવાના અહેવાલો મળ્યા છે. અનપેક્ષિત કૉલર્સ SNAP અરજી પૂરી કરવામાં મદદ કરવા માટે અથવા ઘરમાં સલામતી વ્યવસ્થા જેવી SNAP સિવાયની અન્ય સંબંધિત સેવાઓ માટે મદદનો પ્રસ્તાવ આપીને અંગત માહિતીની વિનંતી કરી રહ્યા છે. અનપેક્ષિત કૉલર્સને ક્યારેય પણ અંગત માહિતી અથવા તમારો ક્રેડિટ કાર્ડ નંબર ફોન પર આપશો નહીં. SNAP ની ટૉલ ફ્રી માહિતી માટેના હૉટલાઈન નંબર જેવા બીજા "બનાવટી" નંબર પરથી કૉલ કરતાં આ બાહ્ય તત્ત્વો FNS અથવા SNAP સાથે જોડાયેલાં નથી. જો તમને 1-800-221-5689 પરથી ગેરકાનૂની ફોન આવી રહ્યા હોવાની શંકા જાય તો તમે FCC સાથે ફરિયાદ દાખલ કરી શકો છો. જો તમે આ કે આવી અન્ય છેતરપિંડીનો ભોગ બની ચૂક્યા હોવ તો, કૃપા કરીને http://www.ftc.gov/bcp/edu/microsites/idtheft/ની મુલાકાત લઈને ઓળખની ચોરી વિશે વધુ માહિતી મેળવો.